રાજ્યમાં કોરોનાના નવા 816 કેસ નોંધાયા

અમદાવાદ, તા.૨૧ ગુજરાતમાં કોરોનાના કેસ ઘટવાનુ નામ લેતા નથી. છેલ્લા જ દિવસ દરમિયાન રાજ્યમાં કોરોનાના 2991 કેસ નોંધાવા પામ્યા છે. જેમાં છેલ્લા 24 કલાકમાં 816 કોરોનાના નવા કેસ નોંધાયા છે. તો પાંચ દિવસ કોરોનાથી અમદાવાદમાં 2ના મૃત્યુ નોંધાયા છે. તો સામે 745 દર્દીઓ સાજા થવા પામ્યા છે જેને લઈને ગુજરાતમાં એક્ટીવ કેસનો આંક વધીને 5168 થયો છે. જેમાં 10 દર્દીઓ વેન્ટીલેટર પર છે તો 5158 દર્દીઓની હાલત સ્થિર છે.

વિતેલા 24 કલાક દરમિયાનમાં નોંધાયેલા 816 કોરોનાના કેસમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં 318 નોંધાયા છે. વડોદરામાં 91, સુરતમાં 77, મહેસાણામાં 56, રાજકોટમાં 49, ગાંધીનગરમાં 25, કચ્છમાં 24, પાટણ અને વલસાડાં 21-21, આણંદમાં 16, ભરૂચમાં 15, જામનગરમાં 13, ભાવનગરમાં 20, અમરેલીમા 12, નવસારીમાં 11, મોરબીમાં 10, બનાસકાંઠામાં 8, પોરબંદરમાં 7, અરવલ્લી અને દેવભૂમિ દ્વારકામાં 5-5, ખેડા અને સુરેન્દ્રનગરમાં 3-3, સાબરકાંઠા અને તાપીમાં 2-2, જ્યારે ગીર સોમનાથ અને પંચમહાલમાં 1-1 કેસ નોંધાયા છે.

અમદાવાદમાં કોરોનાથી 2ના મૃત્યુ નોંધાતા કોરોનાનો કુલ મૃત્યાંક 14956 થયો છે. રાજ્યમાં હાલ 5168 એક્ટીવ કેસ છે. જે પૈકી અમદાવાદમાં 2429, સુરતમાં 610, વડોદરાના 484, ગાંધીનગરમા 295, મહેસાણામાં 275, ભાવનગરમાં 263, રાજકોટમાં 254, પાટણમાં 143 અને કચ્છમાં 119 દર્દીઓનો સમાવેશ થાય છે. વિતેલા 24 કલાક દરમિયાન 2,10,623 વ્યક્તિઓએ કોરોનાની રસી લેતા કોરોના રસી લીધેલી કુલ વ્યક્તિનો આંક 11.30 કરોડ થયો છે.

છેલ્લા ચાર દિવસમાં કોરોનાના 2991 કેસ નોંધાયા, 745 દર્દીઓ ડીસ્ચાર્જ

"PUBLIC NOTICE"

અમો નોટીસ આપનાર ભાટી ભગવાનસિંહ રઘુનાથસિંહ અને રાજપુત ભગવાનસિંહ રઘુનાથસિંહ બંને એક જ વ્યક્તિ છે.

અમો આ સૂચના જાહેર કરવા માટે પ્રકાશિત કરીએ છે આ બંને નામ વાળી એક જ વ્યક્તિ છે. એટલે કે ભાટી ભગવાનસિંહ રઘુનાથસિંહ અને રાજપુત ભગવાનસિંહ રઘુનાથસિંહ અને તે રીતે અમો એક જ વ્યક્તિ તરીકે ઓળખાએ છીએ.

અમો ભાટી ભગવાનસિંહ રઘુનાથસિંહ અને રાજપુત ભગવાનસિંહ રઘુનાથસિંહ અમો આ બન્ને નામવાળી એકજ વ્યક્તિ છે એમ જાહેર કરવા માટે પબ્લીક નોટીસ કરેલ છે.

Surat
22nd July, 2022

Amit U. Sola
Advocate

209, 2nd Floor, Dalal Chambers, Bejanji Kotwal Street, Nanpura, Surat-395 001.
Mob: +91-99247 29776 & +91-99741 79252

જાહેર નોટીસ આસિસ્ટન્ટ કલેક્ટર અને સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ બારડોલીની કોર્ટમાં, મુ.બારડોલી

વાદી :- પારેખ સંજયકુમાર રમણભાઇ
રહે.:- ૩૬,બજાર ફળિયુ,મઢી,તા.બારડોલી, જિ.સુરત.

નં. જ. મ. પ્ર/એસ.આર. નં. ૧૩૩/૨૦૨૨
તા. ૧૩/૦૭/૨૦૨૨

વિરુધ્ધ

પ્રતિવાદી : જન્મ/મરણ નોંધણી રજીસ્ટાર/તલાટી કમ મંત્રી મઢી,તા.બારડોલી,જિ.સુરત.
વિષય :- જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી પારેખ સંજયકુમાર રમણભાઇ, રહે.:- ૩૬,બજાર ફળિયુ,મઢી, તા.બારડોલી, જિ.સુરતનાએ તેઓના જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આવેલ છે.

૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ પારેખ સંજયકુમાર રમણભાઇ
૨. તેમના જન્મની તારીખઃ ૨૧/૧૧/૧૯૬૬
૩. જન્મનું સ્થળઃ મઢી, તા.બારડોલી,જિ.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે પારેખ સંજયકુમાર રમણભાઇ ના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઇ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૪/૦૮/૨૦૨૨ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૧૯/૦૭/૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, અને
આસિસ્ટન્ટ કલેકટર, બારડોલી, જી.સુરત.

જાહેર નોટીસ સુરતનાં નવમાં એડી.સિનિયર સિવિલ જડજ સાહેબની કોર્ટમાં,મુ.સુરત.

નવી કોર્ટ બીલ્ડીંગ, રૂમ નં.૯૦૮, નવમાં માળે,અઠવા લાઇન્સ, સુરત.

પરચુ.દિવાની(સકસેશન સર્ટીફીકેટ) અરજી નં: ૧૩૨/૨૦૨૨
વ.શ્રી.રીતેશ એ. મહેતા

અરજદાર : મર્હુમ સુમનબેન મુળચંદદાસ ભરૂચા નાં સીધી લીટીનાં વારસદારો :
(મરણ તા.૧૭/૦૭/૧૯૮૯)
(૧) હર્ષિદાબેન તે મુળચંદદાસ નંદલાલ ભરૂચાની પુત્રી તથા રજનીકાંત મશરૂવાળાની પત્નિ,
(૨) મર્હુમ શૈલેષ મુળચંદદાસ ભરૂચાનાં સીધી લીટીનાં વારસદારો :
(મરણ તા.૨૨/૧૧/૨૦૧૮)
/૨.૧/ ભારતીબેન શૈલેષ ભરૂચા,
/૨.૨/ ધનવી તે શૈલેષ મુળચંદદાસ ભરૂચાની પુત્રી તથા નંદકિશોર વખારીયાની પત્નિ,
/૨.૩/ જાનકી તે શૈલેષ મુળચંદદાસ ભરૂચાની પુત્રી, નાં પાવરદાર તરીકે નં. ૨.૧ઃ ભારતીબેન શૈલેષ ભરૂચા,
(૩) હિના તે મુળચંદદાસ નંદલાલ ભરૂચાની પુત્રી તથા સુધીર મહુવાગર ની પત્નિ
(૪) મનિષકુમાર મુળચંદદાસ ભરૂચા,

વિરુધ્ધ

સામાવાળાઃ કોઇ નથી.

આથી જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારો પૈકી નં.૧, નં.૨, ૩ અને ૪ નાં માતા તથા અરજદાર નં.૨.૧ ના સાસુ અને અરજદાર નં.૨.૨ અને ૨.૩ નાં દાદી **સુમનબેન મુળચંદદાસ ભરૂચા તા.૧૭/૦૭/૧૯૮૯** નાં રોજ અવસાન પામેલ છે, તેમના હિન્દુ કાયદા મુજબ સીધી લીટીનાં વારસદારોમાં અરજદારો હોવાનું જણાવી મર્હુમોનાં શેર સર્ટીફીકેટસ અરજદાર નં.૪ **મનિષકુમાર મુળચંદદાસ ભરૂચા** નાં નામે ટ્રાન્સફર કરાવવા અને મળવાપાત્ર રકમ/લાભો મેળવવા માટે વારસા સર્ટીફીકેટ મેળવવાની અરજી કરેલી છે. જેથી તે અરજી સંબંધમાં કોઇપણ વ્યક્તિ કે સંસ્થા કોઇપણ પ્રકારની રજુઆત, હરકત કે વાંધા રજુ કરવા માંગતા હોય, તો તેઓએ **તા.૦૫/૦૮/૨૦૨૨** નાં રોજ ઠરાવનાં દિવસે જાતે અગર વકીલશ્રી મારફતે ઉપરોક્ત કોર્ટમાં સવારે ૧૧:૦૦ કલાકે તેઓનાં હરકત, વાંધા સાથે હાજર રહેવું. જો ઉપરોક્ત સમય દરમ્યાન કોઇનાં કોઇપણ પ્રકારનાં વાંધા, હરકત આવશે નહિ તો નામદાર કોર્ટ સદરહુ અરજીની આગળની કાર્યવાહી અરજદારનાં પુરાવા જોઇ તપાસી, સકસેશન સર્ટીફીકેટ અંગે ન્યાયચિક કાર્યવાહી કરવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તારીખ ૧૬મી માહે જુલાઇ સને ૨૦૨૨ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
(એન.બી.ખાંભલા)	(એસ.કે.સુરતી)	(કોર્ટનો સિક્કો)	(એચ.એમ.દેસાઇ)
આસીસ્ટન્ટ	સુપ્રિન્ટેન્ડન્ટ એડી.સી.સી, સુરત.		રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, સુરત.

જાહેર નોટીસ સુરતનાં નવમાં એડી.સિનિયર સિવિલ જડજ સાહેબની કોર્ટમાં,મુ.સુરત.

નવી કોર્ટ બીલ્ડીંગ, રૂમ નં.૯૦૮, નવમાં માળે,અઠવા લાઇન્સ, સુરત.

પરચુ.દિવાની (સકસેશન સર્ટીફીકેટ) અરજી નં: ૧૩૦/૨૦૨૨
વ.શ્રી.રીતેશ એ. મહેતા

અરજદાર : મર્હુમ મુળચંદદાસ નંદલાલ ભરૂચા નાં સીધી લીટીનાં વારસદારોઃ
પ્રથમ પત્નિ સુમનબેન મુળચંદદાસ ભરૂચા તા.૧૭/૦૭/૧૯૮૯ નાં રોજ અવસાન પામેલ છે, તેમનાં સંતાનો/વારસો :
(૧) હર્ષિદાબેન તે મુળચંદદાસ નંદલાલ ભરૂચા ની પુત્રી તથા રજનીકાંત મશરૂવાળાની પત્નિ,
(૨) મર્હુમ શૈલેષ મુળચંદદાસ ભરૂચા નાં સીધી લીટીનાં વારસદારો :
(મરણ તા.૨૨/૧૧/૨૦૧૮)
/૨.૧/ ભારતીબેન શૈલેષ ભરૂચા,
/૨.૨/ ધનવી તે શૈલેષ મુળચંદદાસ ભરૂચાની પુત્રી તથા નંદકિશોર વખારીયાની પત્નિ,
/૨.૩/ જાનકી તે શૈલેષ મુળચંદદાસ ભરૂચાની પુત્રી, નાં પાવરદાર તરીકે નં. ૨.૧ઃ ભારતીબેન શૈલેષ ભરૂચા,
(૩) હિના તે મુળચંદદાસ નંદલાલ ભરૂચા ની પુત્રી તથા સુધીર મહુવાગર ની પત્નિ,
(૪) મનિષકુમાર મુળચંદદાસ ભરૂચા,
સ્વ. મુળચંદદાસ ભરૂચાનાં બીજા પત્નિ,
(૫) યશવંતીબેન મુળચંદદાસ ભરૂચા, (નિઃસંતાન)

વિરુધ્ધ

સામાવાળાઃ કોઇ નથી.

આથી જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારો પૈકી નં.૧ તથા ૩, ૪ નાં પિતા, અરજદાર નં.૨.૧ નાં સસરા, અરજદાર નં.૨.૨ અને ૨.૩ નાં દાદા તથા અરજદાર નં.૫ નાં પતિ **મુલચંદદાસ એન. ભરૂચા તા.૨૪/૦૫/૨૦૧૩** નાં રોજ અવસાન પામેલ છે તથા તેમનાં પુત્ર **શૈલેષ એમ.ભરૂચા, તા.૨૨/૧૧/૨૦૧૮**નાં રોજ અવસાન પામેલ છે, તેમનાં હિન્દુ કાયદા મુજબ સીધી લીટીનાં વારસદારોમાં અરજદારો હોવાનું જણાવી મર્હુમોનાં શેર સર્ટીફીકેટસ અરજદાર નં.૪ **મનિષકુમાર મુળચંદદાસ ભરૂચા** નાં નામે ટ્રાન્સફર કરાવવા અને મળવાપાત્ર રકમ/લાભો મેળવવા માટે વારસા સર્ટીફીકેટ મેળવવાની અરજી કરેલી છે. જેથી તે અરજી સંબંધમાં કોઇપણ વ્યક્તિ કે સંસ્થા કોઇપણ પ્રકારની રજુઆત, હરકત કે વાંધા રજુ કરવા માંગતા હોય, તો તેઓએ **તા.૦૫/૦૮/૨૦૨૨** નાં રોજ ઠરાવનાં દિવસે જાતે અગર વકીલશ્રી મારફતે ઉપરોક્ત કોર્ટમાં સવારે ૧૧:૦૦ કલાકે તેઓનાં હરકત, વાંધા સાથે હાજર રહેવું. જો ઉપરોક્ત સમય દરમ્યાન કોઇનાં કોઇપણ પ્રકારનાં વાંધા, હરકત આવશે નહિ તો નામદાર કોર્ટ સદરહુ અરજીની આગળની કાર્યવાહી અરજદારનાં પુરાવા જોઇ તપાસી, સકસેશન સર્ટીફીકેટ અંગે ન્યાયચિક કાર્યવાહી કરવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તારીખ ૧૬મી માહે જુલાઇ સને ૨૦૨૨ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
(એન.બી.ખાંભલા)	(એસ.કે.સુરતી)	(કોર્ટનો સિક્કો)	(એચ.એમ.દેસાઇ)
આસીસ્ટન્ટ	સુપ્રિન્ટેન્ડન્ટ, એડી.સી.સી.,સુરત.		રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, સુરત.

જાહેર નોટીસ

મે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. ગણદેવી.

અરજદારઃ **લલ્લુભાઈ ભાંકાભાઈ પટેલ** ઉ.વ.આ. ૮૯, ધંધોઃનિવૃત્ત
રહેવાસીઃ જાદવ ફળિયા, માસા, તા. ગણદેવી, જી. નવસારી.

ફો. પ. અ. નં. ૭૧/૨૦૨૨
અરજદાર વિ. વ. શ્રી **એમ. બી. હળપતિ**

વિરુધ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી માસા - ગ્રામ પંચાયતની ક્ચેરી માસા, તા. ગણદેવી, જી. નવસારી.

આથી જાહેર જનતાને જણાવવાનું કે અત્રેની અદાલતમાં અરજદાર લલ્લુભાઈ ભાંકાભાઈ પટેલના કુટુંબી ભાઈ શ્રી રમણભાઈ બાબરભાઈ પટેલ નો જન્મ તા. ૨૦/૦૪/૧૯૫૧ ના રોજ માસા મુકામે થયેલ જે બાબત જન્મના દાખલાની તપાસ કરતા ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે જન્મનો બનાવ નોંધવામાં આવ્યો નથી. જેની નોંધણી કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલી છે.

જો સદરહુ જન્મનો દાખલો આપવા અંગે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો તેઓએ જાતે અથવા તેઓના વકીલશ્રી મારફતે તા. ૨૦/૦૮/૨૦૨૨ પહેલા અત્રેની અદાલતમાં આવી રજુ કરી જવું. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટને યોગ્ય લાગે તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૧ મી માહે જુલાઈ સને ૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી,
(સહી/-)	(સહી/-)	(કોર્ટનો સિક્કો)	(બી. એમ. પટેલ)
આસીસ્ટન્ટ	આસીસ્ટન્ટ		ઈ.ચા. રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ-ગણદેવી	સીવીલ કોર્ટ-ગણદેવી		સીવીલ કોર્ટ-ગણદેવી

યૂको बैंक UCO BANK

(भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)

અઠવાલાઈન્સ શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, નર્મદા એપાર્ટમેન્ટ, અંબિકા નિકેતન સામે, પારલે પોઈન્ટ, સુરત-395007.
E-mail : athwal@ucobank.co.in

કબજા નોટીસ

[રૂલ 8(1) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ, 2002 હેઠળ]

આથી નીચે સહી કરનાર યુકો બેંક, અઠવાલાઈન્સ, સુરત શાખા, અંબિકા નિકેતન બસ સ્ટોપ સામે, અઠવાલાઈન્સ, સુરત, ગુજરાત-395007ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002) (હવે એક્ટ તરીકે ઓળખાશે) તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સહિત કલમ 13(12) અંતર્ગત મળેલ સત્તાની રૂએ **તા. 09-11-2021ના રોજ કરજદાર/મોર્ટગેજર શ્રી મેનાસી વેજા ઘુંસીયા અને શ્રીમતી જશુબેન મેનાસી ઘુંસીયા અને જામીનદાર શ્રી કમલેશ રમેશભાઈ બોરીસાગરને** ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ **રૂા.5,26,441.67 (રૂપિયા પાંચ લાખ છવ્વીસ હજાર ચાર સો એકતાલીસ રૂપિયા અને સડસઠ પૈસા પૂરા)** તા.29-09-2021ના રોજ તથા તા.29-09-2021 થી આગળનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ સાથેની બાકી રકમ નોટીસ પ્રાપ્તીની તારીખથી 60 દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

કરજદાર/જામીનદાર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઓર્ડીનન્સ એક્ટની કલમ 13(4) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે જણાવેલી મિલકતનો **સાંકેતિક કબજો તા.19-07-2022નાદિને** સંભાળી લીધેલ છે.

કરજદાર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં અને કોઈપણ **યુકો બેંક, અઠવાલાઈન્સ, સુરત શાખા, અંબિકા નિકેતન બસ સ્ટોપ સામે, અઠવાલાઈન્સ, સુરત, ગુજરાત-395007માટે રૂા.5,26,441.67 (રૂપિયા પાંચ લાખ છવ્વીસ હજાર ચાર સો એકતાલીસ રૂપિયા અને સડસઠ પૈસા પૂરા) તા.29-09-2021ના રોજ તથા તા.30-09-2021 થી આગળનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ** વસુલાતને પાત્ર રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13ના સબ સેક્શન (8) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

: સ્થાવર મિલકતનું વર્ણન :

તમામ હક્ક, ટાઈટલ અને ઈન્ટરેસ્ટ સહિત સ્થાવર મિલકત, પ્લોટ નં.15, માપ 48.00 ચો.યાર્ડ, "સાંઈધામ રેસીડેન્સી", તેને લગતી તમામ અનુરૂપતાઓ સાથે, રેવન્યુ સર્વે નં. 395, બ્લોક નં.385, ટી.પી.એસ નં., ગામ કામરેજ, જી.સુરત, સબ ડિસ્ટ્રી. કામરેજ. જે મિલકત શ્રી મેનાસી વેજા ઘુંસીયા અને શ્રીમતી જશુબેન મેનાસી ઘુંસીયાના નામે સ્થિત છે. વાઈડ રજીસ્ટર્ડ સેલ ડીડ નં. 3015 તા. 07-04-2012. જેની ચતુર્સિમા : ઉત્તરઃ આંતરિક રસ્તો, દક્ષિણ : પાછળની બાજુનું માર્જીન, પૂર્વ : લાગુ પ્લોટ નં.14, પશ્ચિમ : લાગુ પ્લોટ નં. 16.

તા. 19-07-2022 | સ્થળ : સુરત. અધિકૃત અધિકારી, યુકો બેંક.

જાહેર નોટીસ સુરતનાં નવમાં એડી.સિનિયર સિવિલ જડજ સાહેબની કોર્ટમાં,મુ.સુરત.

નવી કોર્ટ બીલ્ડીંગ, રૂમ નં.૯૦૮, નવમાં માળે,અઠવા લાઇન્સ, સુરત.

પરચુ.દિવાની (સકસેશન સર્ટીફીકેટ) અરજી નં: ૧૩૧/૨૦૨૨
વ.શ્રી.રીતેશ એ. મહેતા

અરજદાર : મર્હુમ શૈલેષ મુળચંદદાસ ભરૂચા નાં સીધી લીટીનાં વારસદારો :
(મરણ તા.૨૨/૧૧/૨૦૧૮)
(૧) ભારતીબેન શૈલેષ ભરૂચા,
(૨) ધનવી તે શૈલેષ મુળચંદદાસ ભરૂચાની પુત્રી તથા નંદકિશોર વખારીયાની પત્નિ,
(૩) જાનકી તે શૈલેષ મુળચંદદાસ ભરૂચાની પુત્રી, નાંઓ તરફે પાવરદાર તરીકે નં.૧ : ભારતીબેન શૈલેષ ભરૂચા.
... તથા ....
મર્હુમ મુળચંદદાસ નંદલાલ ભરૂચા નાં સીધી લીટીનાં વારસદારો :
પ્રથમ પત્નિ સુમનબેન મુળચંદદાસ ભરૂચા તા.૧૭/૦૭/૧૯૮૯ નાં રોજ અવસાન પામેલ છે, તેમનાં સંતાનો/વારસો :
(૪) હર્ષિદાબેન તે મુળચંદદાસ નંદલાલ ભરૂચા ની પુત્રી તથા રજનીકાંત મશરૂવાળાની પત્નિ,
(૫) મર્હુમ શૈલેષ મુળચંદદાસ ભરૂચા નાં સીધી લીટીનાં વારસદારો :
(મરણ તા.૨૨/૧૧/૨૦૧૮)
/૫.૧/ ભારતીબેન શૈલેષ ભરૂચા,
/૫.૨/ ધનવી તે શૈલેષ મુળચંદદાસ ભરૂચા ની પુત્રી તથા નંદકિશોર વખારીયાની પત્નિ,
/૫.૩/ જાનકી તે શૈલેષ મુળચંદદાસ ભરૂચા ની પુત્રી.
(૬) હિના તે મુળચંદદાસ નંદલાલ ભરૂચા ની પુત્રી તથા સુધીર મહુવાગર ની પત્નિ,
(૭) મનિષકુમાર મુળચંદદાસ ભરૂચા,
સ્વ. મુળચંદદાસ ભરૂચાનાં બીજા પત્નિ,
(૮) યશવંતીબેન મુળચંદદાસ ભરૂચા, (નિઃસંતાન)

વિરુધ્ધ

સામાવાળાઃ કોઇ નથી.

આથી જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારો પૈકી નં.૧, નં.૨ અને ૩ નાં પિતા તથા અરજદાર નં. ૪, ૬ અને ૭ નાં ભાઇ **શૈલેષ એમ.ભરૂચા તા.૨૨/૧૧/૨૦૧૮** નાં રોજ અવસાન પામેલ છે તથા અરજદારો પૈકી નં.૧ નાં સસરા અને અરજદાર નં.૨ અને ૩ નાં દાદા તથા અરજદાર નં.૪,૬ અને ૭ નાં પિતા **મુલચંદદાસ એન.ભરૂચા તા.૨૪/૦૫/૨૦૧૩** નાં રોજ અવસાન પામેલ છે, તેમનાં હિન્દુ કાયદા મુજબ સીધી લીટીનાં વારસદારોમાં અરજદારો હોવાનું જણાવી મર્હુમોનાં શેર સર્ટીફીકેટસ અરજદાર નં. ૧ **ભારતીબેન શૈલેષ ભરૂચા** નાં નામે ટ્રાન્સફર કરાવવા અને મળવાપાત્ર રકમ/લાભો મેળવવા માટે વારસા સર્ટીફીકેટ મેળવવાની અરજી કરેલી છે. જેથી તે અરજી સંબંધમાં કોઇપણ વ્યક્તિ કે સંસ્થા કોઇપણ પ્રકારની રજુઆત, હરકત કે વાંધા રજુ કરવા માંગતા હોય, તો તેઓએ **તા.૦૫/૦૮/૨૦૨૨** નાં રોજ ઠરાવનાં દિવસે જાતે અગર વકીલશ્રી મારફતે ઉપરોક્ત કોર્ટમાં સવારે ૧૧:૦૦ કલાકે તેઓનાં હરકત, વાંધા સાથે હાજર રહેવું. જો ઉપરોક્ત સમય દરમ્યાન કોઇનાં કોઇપણ પ્રકારનાં વાંધા, હરકત આવશે નહિ તો નામદાર કોર્ટ સદરહુ અરજીની આગળની કાર્યવાહી અરજદારનાં પુરાવા જોઇ તપાસી, સકસેશન સર્ટીફીકેટ અંગે ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તારીખ ૧૬મી માહે જુલાઇ સને ૨૦૨૨ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
(એન.બી.ખાંભલા)	(એસ.કે.સુરતી)	(કોર્ટનો સિક્કો)	(એચ.એમ.દેસાઇ)
આસીસ્ટન્ટ	સુપ્રિન્ટેન્ડન્ટ,એડી.સી.સી.,સુરત		રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, સુરત.

પાંડેસરામાં પત્નીને મોતને ઘાટ ઉતારી હત્યાને આત્મહત્યામાં ખપાવી દેનાર પતિની ધરપકડ

સુરતઃ પાંડેસરાના સાઈ ફકીરા ગ્રાઉન્ડ નજીક આવેલા કાર્તિક આવાસમાં એક મહિલા પીન્કી સુર્યા બીસોઈએ ગળે ફાંસો ખાઈ લીધો છે તેવી માહિતી પાંડેસરા પોલીસને મળી હતી જેને પગલે પી.એસ. આઈ. રતનસિંહ યાદવ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોચ્યા હતા. મૃતક મહિલા પીન્કીના પતિ સુર્યાએ પોલીસને કહ્યું હતું કે પત્નીએ ડુપટા વડે ગળે ફાંસો ખાઈ લીધો છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતદેહને પી.એમ.માટે નવીસિવિલમાં મોકલી આપ્યો હતો જોકે પી.એમ.માં તબીબોએ એવો અભિપ્રાય આપ્યો કે મૃતકની ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે. જેથી પોલીસે ફરી તપાસ શરુ કરી, જેમાં પાડોશીઓએ એમ કહ્યું હતું કે એક દિવસ આગાઉ પતિ પત્ની વચ્ચે ઉગ્ર ઝગડો થયો હતો. સુર્યા બીસોઈના ૧૦ વર્ષના પુત્ર કરને પોલીસ સમક્ષ તેના પિતાની કરતુત કહી દીધી હતી. પિતાએ તેની નજર સામે જ માતા પીન્કીને ગળે ફાંસો આપી દઈને હત્યા કરી હતી અને દુપટ્ટો કાપીને બહાર ફેંકી દીધો હતો જે ટુકડો પણ પોલીસને ઘર નજીકથી મળી આવ્યો હતો. પાંડેસરા પોલીસે કરનના નિવેદનને આધારે સુર્યા બીસોઈ સામે પત્ની પીન્કીની હત્યાનો ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી.

મૃતક મહિલાના ૧૦ વર્ષિય પુત્રએ હકીકતો પોલીસ સમક્ષ વ્યક્ત કરતા આત્મહત્યા પરથી પડદો ઊંચકાયો

ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

TATA
રજિ.ઓફિસ : ૧૧મા માળે, ટાવર - એ, પેનીસ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩.
CIN No.U67190MH2008PLC187552

કબજા નોટીસ

[સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ,૨૦૦૨ના નિયમ ૮ (૧) મુજબ]

આથી નીચે સહી કરનાર **ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ**ના અધિકૃત અધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ (એકટ) સાથે વંચાણે લેતા સેકશન ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૩ અંતર્ગત પ્રાપ્ત અધિકારો મુજબ નીચે જણાવેલી તારીખે જારી કરાયેલી ખંડ ૧૩ (૧૨) હેઠળની વિગતવાર ડિમાન્ડ નોટીસ નીચે જણાવેલ દેવાદારોને મોકલવામાં આવી હતી જે મુજબ તેમણે નોટીસની તારીખથી ૬૦ દિવસમાં બાકી લેણી રકમ ચુકવી દેવાની હતી. દેવાદાર એમ કરવામાં નિષ્ફળ નિવડયા હોઈ દેવાદારનો ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારાએ નીચે જણાવેલી મિલકતનો **વાસ્તવિક કબ્જો જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત**ના નીચે સીસીમાં જણાવેલા આદેશ મુજબ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ/મામલતદાર હસ્તક લીધો છે.

ખાસ દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર **ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના ચડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ નોટીસની તારીખથી ગણાશે.

દેવાદારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે કથિત એકટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮)ની જોગવાઈ મુજબ નિર્ધારીત સમયમાં પોતાની ગિરો મુકેલ મિલકત છોડાવી શકશે.

લોન ખાતા નંબર	દેવાદાર(રો),કાનૂની વારસદાર(રો),કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	ડીમાન્ડ નોટીસની તારીખ / કબજાની તારીખ	ઓર્ડરની તારીખ / કેસ નંબર
10388013	અનિલ શાંતિલાલ પાટીલ (દેવાદાર), હિરાબેન શાંતિલાલ પાટીલ (સહ દેવાદાર)	Rs. 13,09,701/-	16-12-2019 / 19-07-2022	06-06-2022 / 2176/21

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકત ફ્લેટ નં.૫૦૨,પાંચમા માળે, ક્ષેત્રફળ ૬૩૭ ચો.ફૂટ અથવા ૫૯.૨૦ ચો.મી.ની સાથે ૪૦.૫૯ ચો.મી. હરીકૃષ્ણા રેસીડેન્સી, બિલ્ડીંગ નં.'એમ'ની રોડની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ , બ્લોક નં.૩૩૮/બી ક્ષેત્રફળ ૧૯૨૩૩ ચો.મી., મોજે ગામ ઉમરા, તા.ઓલપાડ, જિ.સુરત ,ગુજરાત **ચતુઃસીમા :પૂર્વે :** બ્લોક નં.૩૩૯, **પશ્ચિમે :** બ્લોક નં.૩૩૮/એ, ઉત્તરે : બ્લોક નં.૩૩૭, દક્ષિણે :લાગુ રોડ

લોન ખાતા નંબર	દેવાદાર(રો),કાનૂની વારસદાર(રો),કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	ડીમાન્ડ નોટીસની તારીખ / કબજાની તારીખ	ઓર્ડરની તારીખ / કેસ નંબર
9846249	બકુલભાઈ હિમતલાલ સરયૈયા (દેવાદાર), મિતેશ બકુલભાઈ સરયૈયા (સહ દેવાદાર)	Rs. 10,57,158/-	04-05-2021 / 19-07-2022	06-05-2022 / 1984/21

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિતભાગની બનેલી સ્થાવર મિલકત ફ્લેટ નં.૧૦૧, પહેલા માળે,ક્ષેત્રફળ ૯૯૪ ચો.ફૂટ અથવા ૯૨.૩૮ ચો.મી. સુપર બિલ્ટઅપ એરિયા અને ૬૪૬ ચો.ફૂટ અથવા ૬૦.૦૪ ચો.મી.બિલ્ટઅપ એરિયાની સાથે ૩૮.૧૩ ચો.મી. ભક્તિધારા રેસીડેન્સી-૨, બિલ્ડીંગ નં.' કે'ની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ ,રે.સ.નં.૫૪ પૈકી બ્લોક નં.૧૨૮, ક્ષેત્રફળ ૦ હે.૯૯ આરે ૧૫ ચો.મી., આકાર રૂ.૧૩.૦૦ પૈસા, મોજે ગામ સાયણ, તા.ઓલપાડ,જિ.સુરત **ચતુઃસીમા :** પૂર્વે : લાગુ રેસીડેન્સીનો રોડ, પશ્ચિમે : લાગુ ફ્લેટ નં. કે-૧૦૪, ઉત્તરે : લાગુ બિલ્ડીંગ નં.- એલ, દક્ષિણે : લાગુ ફ્લેટ નં. કે-૧૦૨

લોન ખાતા નંબર	દેવાદાર(રો),કાનૂની વારસદાર(રો),કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	ડીમાન્ડ નોટીસની તારીખ / કબજાની તારીખ	ઓર્ડરની તારીખ / કેસ નંબર
10107226	ગડાભાઈ કે.કાછડ (દેવાદાર), મુક્તાબેન ગિરીશભાઈ કાછડ (સહ દેવાદાર)	Rs. 22,58,232/-	15-01-2020 / 19-07-2022	06-06-2022 / 1087/21

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત પ્લોટ નં.૬૦, ક્ષેત્રફળ ૭૦ ચો.વાર મંજુર પ્લાન મુજબ ક્ષેત્રફળ ૫૮.૪૧ ચો.મી. ની સાથે ૩૪.૨૧ ચો.મી. અવર વિલા રો હાઉસ ની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ, રે.સ.નં.૧૧૭/૧, બ્લોક નં.૨૧૧, ક્ષેત્રફળ ૧-૩૧-૫૨ હે.આરે.ચો.મી.અથવા ૧૩૧૫૨ ચો.મી., આકાર રૂ.૧૫.૮૭ પૈસા, મોજે ગામ સાયણ,તા.ઓલપાડ,જિ.સુરત **ચતુઃસીમા :** પૂર્વે : પ્લોટ નં.૫૯ , પશ્ચિમે : પ્લોટ નં.૬૧, ઉત્તરે : સોસાયટીનો રોડ, દક્ષિણે : પ્લોટ નં. ૭૫

લોન ખાતા નંબર	દેવાદાર(રો),કાનૂની વારસદાર(રો),કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	ડીમાન્ડ નોટીસની તારીખ / કબજાની તારીખ	ઓર્ડરની તારીખ / કેસ નંબર
10382077	લાલજીભાઈ છગનભાઈ ઝીંઝાળા (દેવાદાર), હંસાબેન લાલજીભાઈ ઝીંઝાળા (સહ દેવાદાર)	Rs. 15,58,446.25/-	16-05-2020 / 19-07-2022	04-04-2022 / 860/21

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિતભાગની બનેલી સ્થાવર મિલકત પ્લોટ નં.૧૭, બુકિંગ મુજબ ક્ષેત્રફળ ૪૯.૦૦ ચો.વાર,મંજુર પ્લાન મુજબ ક્ષેત્રફળ ૪૦.૫૦ ચો.મી.ની સાથે ૩૪.૨૧ ચો.મી. એવર વિલા રો હાઉસની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ,બ્લોક નં.૨૧૧,ક્ષેત્રફળ હે. આરે ૧-૩૧-૫૨ ચો.મી., આકાર રૂ.૧૫.૮૭ પૈસા,મોજે ગામ સાયણ,તા.ઓલપાડ,જિ. સુરત **ચતુઃસીમા :** ઉત્તરે : સોસાયટીનો રોડ, દક્ષિણે : પ્લોટ નં.૨૦,પૂર્વે : પ્લોટ નં.૧૬,પશ્ચિમે : પ્લોટ નં.૧૮

લોન ખાતા નંબર	દેવાદાર(રો),કાનૂની વારસદાર(રો),કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	ડીમાન્ડ નોટીસની તારીખ / કબજાની તારીખ	ઓર્ડરની તારીખ / કેસ નંબર
10425206	લાલજી બાબુ સુરેલા (દેવાદાર), મંજુબેન બાબુભાઈ સુરેલા (સહ દેવાદાર)	Rs. 8,74,075/-	11-05-2021 / 19-07-2022	06-06-2022 / 1811/21

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ અધિકારો, ખંડ અને અખંડિતભાગની બનેલી સ્થાવર મિલકત ફ્લેટ નં.૫, ૫૦૧, પાંચમા માળે, બિલ્ડીંગ નં.-એ, બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૩૮૭ ચો.ફૂટ અથવા ૩૫.૯૭ ચો.મી. ની સાથે ૨૪.૬૬ ચો.મી. હરી કૃષ્ણા રેસીડેન્સીની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ તથા આંતરીક અને બાહ્ય ઉપયોગના અધિકારો બિનખેતી જમીન પર રહેણાંક હેતુનું બાંધકામ, બ્લોક નં.૩૩૮/બી, ક્ષેત્રફળ ૧૯૨૩૩ ચો.મી., મોજે ગામ ઉમરા, તા.ઓલપાડ, જિ.સુરત **ચતુઃસીમાઃ** પૂર્વેઃ બ્લોક નં.૩૩૯, પશ્ચિમેઃ બ્લોક નં.૩૩૮/એ, ઉત્તરેઃ બ્લોક નં.૩૩૭, દક્ષિણેઃ લાગુ સોસાયટીનો રોડ

તારીખ : ૧૯.૦૭.૨૦૨૨ | સહી/ અધિકૃત અધિકારી
સ્થળ : સુરત | વતિ ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

જાહેર નોટીસ

હું ક્રિષ્ના પ્રકાશભાઈ નાયક આજ રોજ આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા સર્વેને જાહેર કરી જણાવું છું કે,

હમોએ તા. ૦૮/૦૨/૨૦૨૨ નાં રોજ હમારા પતિ સાથે પરસ્પર સંમતિથી છુટાછેડા મેળવેલ છે. ત્યારબાદ થી હમો હમારી રીતે નોકરી કરી સ્વતંત્ર રીતે એકલા રહેતા આવેલ છીએ. હમો નોકરી કરી એકલા રહેતા હોય તે વાત હમારા સગાભાઈ નામે મિત પ્રકાશભાઈ નાયક તથા મામા નામે અનિમેષ દેસાઈ અને માસી નામે પ્રિતિ પરેશભાઈ નાયકને પસંદ ના હોય તેઓ હમો જયાં જયાં નોકરી કરીએ છીએ ત્યાં હમારા ઉપરી અધિકારી પાસે આવી તથા હમો જયા ભાડે રહેતા હોય ત્યાંના મકાન માલીક અને આજુબાજુનાં લોકોને હમારા વિરૂધ્ધ કાન ભંભેરણી કરી તથા ચારિત્ર્ય વિરૂધ્ધ આક્ષેપો કરી હમોને નોકરી તથા ભાડાંના મકાન ખાલી કરાવતા આવેલ છે. આ રીતે આ તમામ લોકો જાહેરમાં હમારી બદનક્ષી કરી હમોને પારાવાર માનસીક દુઃખ આપતા આવેલ છે.

હમો નોકરી કરી સ્વમાનભેર સમાજમાં જીવવા માંગીએ છીએ. પરંતુ ઉપર જણાવેલ નામોવાળા મારા સગા મને સ્વમાનભેર જીવવા દેતા નથી. જેથી આ નોટીસ આપી જાહેર જનતા અને લાગતા-વળગતા સર્વેને વિનંતી કરી જણાવવાનું કે આ લોકો સાથે મારે કોઈ સ્વજન સ્નેહિના સંબંધો નથી. જેથી તેઓ હમારા વિરૂધ્ધ કોઈપણ આક્ષેપો કરે તો તે સાચા ન માની તેઓએ જણાવેલ હકીકતો પર વિશ્વાસ ન કરવા મારી અપીલ છે.

સહી, ક્રિષ્ના પ્રકાશભાઈ નાયક

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા | सेन्ट्रल बैंक ऑफ इंडिया | CENTRAL BANK OF INDIA

ધરમપુર શાખા, જીલ્લો - વલસાડ

પઝેશન નોટીસ

(સ્થાવર મિલકત માટે) (નિયમ - ૮(૧)

આથી, **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ધરમપુર શાખા** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત તા. **૧૬.૧૧.૨૦૨૧** ના રોજ ઉધારકર્તા **શ્રી પ્રેમકુમાર વિજયકુમાર મેરાઈ (ઉધારકર્તા) અને વિજયકુમાર જેકીસનદાસ મેરાઈ (સહ-ઉધારકર્તા) અને જામીનદાર શ્રી રજનીકાંત જેકીસનદાસ મેરાઈ અને સેન્ટ ઓડી મોર્ગેજ સ્કીમ** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ **રૂા. ૭,૨૧,૫૯૬/- (રૂા. સાત લાખ એકવીસ હજાર પાંચસો છન્નું પુરા)** રકમ ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૬.૦૭.૨૦૨૨** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ધરમપુર શાખા** ની રકમ **રૂા. ૭,૨૧,૫૯૬/-** અને વ્યાજ સાથેના બોજાને આધીન રહેશે. (કલમ ૧૩(૨) હેઠળની ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમની ઈફેકટ આપેલ છે)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એકટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલ્કતોનું વર્ણન

(એ) મોર્ગેજ મિલકતના માલિક વિજયકુમાર જેકીસનદાસ મેરાઈ :- તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો સીટી સર્વે નં. ૧૭૫૨, દુકાનના ગ્રાઉન્ડ ફલોરના બાંધકામ સાથે ક્ષેત્રફળ ૧૪ સ્કે.મી., પૈકી પૂર્વે બાજુના અડધો ભાગ વત્તા બે માળ, મ્યુનિસીપલ મિલકત નં. ૮૬૩, બઝાર ફળીયા, ગામ - ધરમપુર, તાલુકો - ધરમપુર, જીલ્લો - વલસાડ. **ચતુઃસીમા :** ● ઉત્તરે : રોડ, ● દક્ષિણે : મિલકતનો સીટી સર્વે નં. ૧૭૫૩, ● પૂર્વે : રજનીકાંત મેરાઈની મિલકત, ● પશ્ચિમે : રોડ.

(બી) મોર્ગેજ મિલકતના માલિક રજનીકાંત જેકીસનદાસ મેરાઈ :- તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો સીટી સર્વે નં. ૧૭૫૨, દુકાનના ગ્રાઉન્ડ ફલોરના બાંધકામ સાથે ક્ષેત્રફળ ૭ સ્કે.મી., પૈકી પશ્ચિમ બાજુનો ભાગ, મ્યુનિસીપલ મિલકત નં. ૮૬૩, બઝાર ફળીયા, ગામ - ધરમપુર, તાલુકો - ધરમપુર, જીલ્લો - વલસાડ. **ચતુઃસીમા :** ● ઉત્તરે : રોડ, ● દક્ષિણે : મિલકતનો સીટી સર્વે નં. ૧૭૫૩, ● પૂર્વે : મોહસીનભાઈ વોહરાની મિલકત, ● પશ્ચિમે : વિજયભાઈ મેરાઈની મિલકત.

તારીખ : ૧૬.૦૭.૨૦૨૨ | અધિકૃત અધિકારી,
સ્થળ : ધરમપુર | સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

यूको बैंक UCO BANK

(भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)

અઠવાલાઈન્સ શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, નર્મદા એપાર્ટમેન્ટ, અંબિકા નિકેતન સામે, પારલે પોઈન્ટ, સુરત-395007.
E-mail : athwal@ucobank.co.in

તારીખ : 16-07-2022

પ્રતિ,
શ્રી ઓમારામ ચૌધરી અને શ્રીમતી લીલાદેવી ઓમારામ ચૌધરી
ફ્લેટ નં. 502, C/1, સેન્ટોસા એન્કલેવ, ગોડાદરા, ડિંડોલી, સુરત, ગુજરાત-395010.

લોન એકાઉન્ટ નં. 16890610011294

વિષય : સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ 13(2) નોટીસ (હવે પછી 'એક્ટ' તરીકે ઓળખાશે)

સર/મેડમ,

1. તમારી વારંવારની વિનંતીને ધ્યાનમાં લઈ **યુકો બેંક** ની **અઠવાલાઈન્સ શાખા** દ્વારા તમને વિવિધ ક્રેડીટ સુવિધાઓ મંજૂર કરેલ અને તેની સામે તમે બેંકની તરફેણમાં વિવિધ મિલકતો સીક્યુરીટી તરીકે મુકી હતી. આ ક્રેડીટ સુવિધાઓ અંગેના સુરક્ષા કરાર (ઓ) / દસ્તાવેજો (ઓ) ની સંબંધિત વિગતો અનુક્રમે અનુસૂચિ 'એ' અને 'બી' વિગતો અહીં શિડ્યુલ 'એ' અને 'બી' માં દર્શાવવામાં આવી છે. તમે તે કરાર (ઓ) / દસ્તાવેજો (ઓ) ની શરતોમાં જણાવેલ નાણા પરત ચુકવવાની શરતે ઉપયોગ કરેલ છે.
2. તમે બેંકની તરફેણમાં ટાઈટલ ડીડ/રજીસ્ટર્ડ મોર્ગેજ રજૂ કરી મોર્ગેજ કરેલ હતું. મોર્ગેજ અંગેના જરૂરી દસ્તાવેજો અહીં શિડ્યુલ 'બી'માં દર્શાવેલ છે. સુરક્ષિત દેવા અને સુરક્ષિત મિલકતોને લગતી વિગતો અહીં શિડ્યુલ 'સી'માં દર્શાવેલ છે.
તમામ હક્ક, ટાઈટલ અને ઈન્ટરેસ્ટ, ફ્લેટ નં.502, અંદાજીત માપ 1025.00 ચો.ફુટ, સુપર બિલ્ટ અપ એરિયા 667.84 ચો.ફુટ યાને 62.07 ચો.મી., પાંચમો માળ, બિલ્ડીંગ નં. C/1, "સેન્ટોસા એન્કલેવ", રેવન્યુ સર્વે નં. 104/3, બ્લોક નં. 103, અંદાજીત માપ આશરે 11,028 ચો.મી., ટી.પી. સ્કીમ નં. 69 (ગોડાદરા-ડીંડોલી), ફાઈનલ પ્લોટ નં. 34, અંદાજીત માપ આશરે 7,168.00 ચો.મી., ગામ ગોડાદરા, તા.સુરત, જી. સુરત. જેની ચતુર્સિમા : પૂર્વ : સોસાયટીની જમીન, પશ્ચિમ : પેસેજ, ફ્લેટ નં.504, ઉત્તર : ફ્લેટ નં.501, દક્ષિણ : સોસાયટીની જમીન.
3. તમે અન્ય દસ્તાવેજો પર સમયાંતરે બાકી રકમની ચકાસણી કરીને ઉપરોક્ત ક્રેડીટ સુવિધાના સંદર્ભમાં જવાબદારી સ્વીકારી છે. નાણાકીય સહાય/ક્રેડીટ સુવિધાનું સંચાલન અને આચરણ અનિયમિત થઈ ગયું છે અને રિઝર્વ બેંક દ્વારા નિર્દેશિત કરાયેલ માર્ગદર્શિકા અનુસાર તમારૂં ખાતાને તમારા દ્વારા મુળ રકમ અને તેના પરના વ્યાજની ચુકવણીમાં કરવામાં આવેલ કસુરને ધ્યાનમાં લઈ તા.29-06-2022 ના રોજ નોન પર્ફોર્મિંગ એસેટ તરીકે વર્ગિકૃત કરવામાં આવેલ છે. મુખ્ય દેવું અને તેના પરના વ્યાજની ચુકવણીમાં તમારા દ્વારા કરવામાં આવેલ ડિફોલ્ટના પરિણામે. ઉપરોક્ત નાણાકીય સહાય પણ ખાનગી ગેરંટી દ્વારા સુરક્ષિત છે.
4. વારંવાર વિનંતીઓ કરવા છતાં, તમે ઉપાર્જિત બાકી રકમ / બાકી જવાબદારીઓ ચૂકવવામાં નિષ્ફળ અને અવગણના કરી છે.
5. અહીં તમને જણાવીએ છીએ કે આ કાયદાની કલમ 13(2) હેઠળ તમને સુચિત કરવામાં આવે છે કે બાકી રકમ **રૂા. 11,54,749.68 /- (રૂપિયા અગિયાર લાખ ચોપ્પન હજાર સાત સો ઓગણપચાસ રૂપિયા અને અડસઠ પૈસા પૂરા) તા. 29-06-2022 ના રોજ (તા. 28-02-2022 સુધીના વ્યાજ સહિત)** તથા વધારાના વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ સહિત સંપૂર્ણ પેમેન્ટ સુધીના આ સુચનાની તારીખથી 60 દિવસની અંદર સંપૂર્ણ ચુકવણી કરવા જણાવીએ છીએ. ઉપરોક્ત રકમ પર તા. 29-06-2022ના રોજથી ભાવિ વ્યાજ, આકસ્મિક ખર્ચા, કોસ્ટ, ચાર્જ વગેરે સાથે ચુકવવા પણ જવાબદાર છો.
6. જો તમો વધારાનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ સાથે **રૂા. 11,54,749.68 /- (રૂપિયા અગિયાર લાખ ચોપ્પન હજાર સાત સો ઓગણપચાસ રૂપિયા અને અડસઠ પૈસા પૂરા) તા. 29-06-2022 ના રોજ (તા. 28-02-2022 સુધીના વ્યાજ સહિત)** તથા વધારાના વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓની ચુકવણીમાં કસુર કરશો તો આ અધિનિયમની કલમ 13(2)ની શરતો મુજબ ઉપર જણાવેલ કલમ 13ની પેટા કલમ (4) હેઠળ અને ઉપરોક્ત અધિનિયમની અન્ય લાગુ જોગવાઈઓ હેઠળ વિગતવારના તમામ અથવા કોઈપણ અધિકારનો ઉપયોગ કરવામાં આવશે.
7. તમને એ પણ તાકીદ કરવામાં આવે છે કે ઉપરોક્ત કાયદાની કલમ 13(13)ના સંદર્ભમાં આથી આપને નોટીસ આપવામાં આવે છે કે બેંકને જામીન આપેલ કોઈપણ સુરક્ષિત અસ્ક્યામતો બેંકની લેખિત મંજૂરી વિના આ નોટીસની સૂચિ "C" માં વિગતવાર જણાવેલ સુરક્ષિત સંપત્તિને વેચાણ, લીઝ કે અન્ય રીતે તબદીલ કે હસ્તાંતર કરી શકશો નહીં.
8. બેંક તમને બાકી રહેલ બિલ ડિસ્કાઉન્ટેડ, બેંક ગેરંટીઝ અને તમારા વતી જારી કરેલી અને ક્રેડિટ લેટર ઓફ ક્રેડિટ તેમજ અન્ય આકસ્મિક જવાબદારીઓ હેઠળ થયેલી જવાબદારીઓની ચુકવણી કરવા માટે તમને બોલાવવાનો પોતાનો અધિકાર અનામત રાખે છે.
9. આ નોટિસ કાયદાની અન્ય જોગવાઈઓ હેઠળ જે જરૂરી જણાતી હોય તેવી અન્ય કાર્યવાહી અથવા કાનુની કાર્યવાહી કરવાના અધિકારને કોઈપણ પૂર્વગ્રહ વિના આપે છે.

આપનો વિશ્વાસુ, શ્રી મયંક શેખર શર્મા,
તા. 16-07-2022 | સ્થળ : સુરત. | અધિકૃત અધિકારી, મુખ્ય પ્રબંધક.

ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.

સ્થાપના : ૧૯૨૨ | મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક

સ્થાવર મિલકતની હરાજી

રજીસ્ટર્ડ / સેન્ટ્રલ ઓફિસ : "વસુધારા ભવન", ટીમલીયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧, Tel.: (+91-261) 246 4621 to 4624
E-mail : info@spcbl.in | Toll Free : 18002337722 | Website : www.spcbl.in

સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ અન્વયે બેંકના નીચે દર્શાવેલ બાકીદારો પાસેથી બેંકના સિક્યોર્ડ લેણા ઉપરાંત વ્યાજ ખર્ચ વગેરેની વસુલાત માટે બેંકના સાંકેતિક કબજા હેઠળની નિમ્નલિખિત મિલકતો "જ્યાં છે અને જે છે તે સ્થિતિમાં" વેચાણ સારૂ હરાજીના દિવસે હરાજી શરૂ થાય તે પહેલા અધિકૃત અધિકારીને મળે તે રીતે દરખાસ્તો આવકારવામાં આવે છે

અનુ.નં.	બાકીદાર/જામીનદારનું નામ	વસુલાત અંગેના સિક્યોર્ડ લેણા
૧.	**દેવાદાર : (૧) મે. શ્રી ગણેશ ફેબ્રીક્સ (પ્રોપ્રાયટરશીપ ફર્મ)** ધિરાણ ખાતા નં. ૩૦૪૦૦૨૮૯૯૭૯૧ **ઓફીસ/દુકાન** : ૪૦૫-૦૮, સુપર ટેક્ષ ટાવર, કિન્નરી સિનેમાની સામે, રીંગરોડ, સુરત. **પ્રોપ્રાયટર : મર્હુમ બીજોયકુમાર પ્રહલાદરાય પોદ્દારના કાયદેસરના પ્રતિનિધિ તથા વારસદારો : (અ) સુરેન્દ્રકુમાર બીજોયકુમાર પોદ્દાર (બ) સંતોષદેવી બીજોયકુમાર પોદ્દાર** રહે. (અ) અને (બ) : ૭૦૪, અમરદીપ એપાર્ટમેન્ટ, ઉમા ભવન પાસે, ભટાર, સુરત. (ક) અન્ય કે જે બેન્કની જાણમાં નથી **જામીનદારો : (૨) સુરેન્દ્રકુમાર બીજોયકુમાર પોદ્દાર (૩) પુજા સુરેન્દ્ર પોદ્દાર (૪) સંતોષદેવી બીજોયકુમાર પોદ્દાર (૫) નરેશકુમાર રઘુનાથ ધાંધણીયા**	તા.૨૮/૦૫/૨૦૨૦ના રોજની કલમ-૧૩(૨)ની માંગણા નોટીસ મુજબની રકમ રૂ.૯૬,૮૬,૨૧૩/૫૦ વત્તા કરાર દર મુજબ ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ ચુકવણીની તારીખ સુધી
૨.	**દેવાદાર :** (૧) મર્હુમ બીજોયકુમાર પ્રહલાદરાય પોદ્દાર ધિરાણ ખાતા નં. ૩૦૪૦૦૨૯૯૦૧૫૭ **મર્હુમ બીજોયકુમાર પ્રહલાદરાય પોદ્દારના કાયદેસરના પ્રતિનિધિ તથા વારસદારો : (અ) સુરેન્દ્રકુમાર બીજોયકુમાર પોદ્દાર (બ) સંતોષદેવી બીજોયકુમાર પોદ્દાર** રહે. (અ) અને (બ) : ૭૦૪, અમરદીપ એપાર્ટમેન્ટ, ઉમા ભવન પાસે, ભટાર, સુરત. **(ક) અન્ય કે જે બેન્કની જાણમાં નથી (૨) પુજા સુરેન્દ્ર પોદ્દાર** રહે.: ૭૦૪, અમરદીપ એપાર્ટમેન્ટ, ઉમા ભવન પાસે, ભટાર, સુરત. **જામીનદારો : (૩) સુરેન્દ્રકુમાર બીજોયકુમાર પોદ્દાર (૪) સંતોષદેવી બીજોયકુમાર પોદ્દાર**	તા.૨૮/૦૫/૨૦૨૦ના રોજની કલમ-૧૩(૨)ની માંગણા નોટીસ મુજબની રકમ રૂ.૩,૦૬,૯૯૭/૩૬ વત્તા કરાર દર મુજબ ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ ચુકવણીની તારીખ સુધી

અનુ. નં.	હરાજીથી વેચવાની સ્થાવર મિલકતોનું વર્ણન	રીઝર્વ કિંમત (રૂ.) / ઈ.એમ.ડી. (રૂ.)	મિલકત નિરીક્ષણ તારીખ / સમય	હરાજીની તારીખ / સમય
એ	**મિલકતના માલિક : (૧) મર્હુમ બીજોયકુમાર પ્રહલાદરાય પોદ્દાર (૨) પુજા સુરેન્દ્ર પોદ્દાર** ફ્લેટ નં. એ-૧૦૦૩, દસમો માળ, **"કેશવ નારાયણ રેસીડેન્સી"**, રતીરાજ એપાર્ટમેન્ટની પાછળ, આશીર્વાદ પેલેસની પાસે, વનિતા પાર્કની પાસે, જોગર્સ પાર્ક રોડ, મોજે : ભટાર, તા.: ચોર્યાસી, જી.: સુરત. રેવ.સર્વે નં.૧૦૮, ટી.પી.એસ.નં.૨૭, ફાયનલ પ્લોટ નં. ૭૭, સુપર બિલ્ટ અપ એરિયા : ૧૮૫૦ સ્કે.ફીટ અને બિલ્ટ અપ એરિયા : ૧૧૫૦ સ્કે.ફીટ. **કબજાનો પ્રકાર - સાંકેતિક**	રૂ.૬૭,૫૭,૦૦૦/- રૂ ૬,૭૫,૭૦૦/-	૨૬/૦૭/૨૦૨૨ તથા ૦૫/૦૮/૨૦૨૨ સવારે ૧૧ : ૦૦ કલાકેથી બપોરે ૧૨ : ૦૦ કલાક સુધી	૦૮/૦૮/૨૦૨૨ બપોરે ૧૨:૩૯ કલાકે

હરાજીનું સ્થળ : બોર્ડ રૂમ, ૪થો માળ, ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક લિ., વસુધારા ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

દરખાસ્ત (ઓફર)ના કવર ઉપર જે તે મિલકતનું વર્ણન દર્શાવવાનું રહેશે. દરખાસ્ત (ઓફર) ની સાથે ઉપર દર્શાવેલ ઈ.એમ.ડી.ની રકમનો બેંક ડ્રાફ્ટ/પે ઓર્ડર/RTGSથી/ઓનલાઈન "અધિકૃત અધિકારી, ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક લિ." ની તરફેણમાં સુરત ખાતે ચુકવવાપાત્ર હોવો જોઈએ. જો ઓફર સ્વીકારાશે નહીં તો ઈ.એમ.ડી.ની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે. સૌથી ઉંચી બોલી બોલનારે, બેંક દ્વારા વેચાણની મંજુરી મળેથી, તુરંત જ બોલીની રકમના ૨૫% રકમ જમા કરાવવાની રહેશે અને બાકીના ૭૫% રકમ ૧૫ દિવસમાં જમા કરાવવાની રહેશે. જેમાં નીષ્ફળ નીવડયેથી દરખાસ્તદારે અગાઉ જમા કરાવેલી બધી રકમ વગર નોટીસે જપ્ત કરવામાં આવશે.

ઉપરોક્ત મિલકતો ઉપરના ચૂકવવાપાત્ર કોઈપણ પ્રકારના, બેંકની જાણમાં હોય કે ન હોય, તેવા હાલના કે ભવિષ્યના વૈધાનિક, સરકારી લ્હેણા, સેલ્સટેક્ષ, ઈન્કમટેક્ષ, કોમર્શીયલ ટેક્ષ, જી.એસ.ટી. લ્હેણાં, એક્સાઈઝ લ્હેણાં, અર્ધસરકારી લ્હેણાં, લેબર લ્હેણાં; પ્રોવિડંડ ફંડ, ઈલેક્ટ્રીસીટી લ્હેણાં, સુરત મ્યુ. કોર્પોરેશનના લ્હેણાં, તાલુકા / ગ્રામ પંચાયતના લ્હેણાં, મિલકતવેરો, સોસાયટી મેઈન્ટેનન્સ અને અન્ય તમામ દેવા ખરીદનારે ભોગવવાના રહેશે. સદર મિલકત પર અમો બેંક સિવાયના અન્ય કોઈ બોજા અંગે બેંકને કોઈજાણ કે માહિતી નથી તેવા બોજાના પુરેપુરા લેણા ચૂકતે કરવાની જવાબદારી ફક્ત ખરીદનારને શીરે રહેશે તથા મિલકત ટ્રાન્સફર કરવાના તમામ ખર્ચ સહિતની કાર્યવાહી ખરીદનારે કરવાની રહેશે તથા તે અંગે થતી સ્ટેમ્પ ડયુટી, વધારાની સ્ટેમ્પ ડયુટી, ટ્રાન્સફર ફી, રજીસ્ટ્રેશન ચાર્જ સહિતનો તેમજ તમામ ખર્ચ પણ ખરીદનારે ભોગવવાનો રહેશે તથા બેંક, મિલકત ખરીદનારને બેંક પાસે ઉપલબ્ધ "જ્યાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિના" ધોરણે મિલકતના ટાઈટલ અંગેના ડોક્યુમેન્ટ્સ સુપ્રત કરશે. બેંકે ઉપરોક્ત ગીરો મિલકતનું વેચાણ કરવા અંગે કોઈ એજન્ટ / બ્રોકર / દલાલને કામ સોંપેલ નથી. વધુ માહિતી માટે અધિકૃત અધિકારી શ્રી સુનીલ આર. કાપડિયા નો (ફોન નં. ૦૨૬૧-૨૪૬૪૫૮૦) સંપર્ક કરવો. કોઈપણ પૂછપરછ અને / અથવા વેચાણ માટેની અન્ય શરતો સારૂ નીચે સહી કરનારનો સંપર્ક કરવા વિનંતી છે. કોઈપણ કારણ આપ્યા વિના મળેલ કોઈપણ અને / અગર બધી જ દરખાસ્તો નકારવાના તથા હરાજી મોકૂફ કરવા અંગેના પોતાના અધિકારો અધિકૃત અધિકારી અબાધિત રાખે છે.

નોંધ : ઉપર અનુ.નં.૧ માં જણાવેલ દેવાદાર વિરુધ્ધ પેન્ડીંગ લીગલ કેસની વિગત - અમદાવાદ DRT-II, રૂબરૂ SA/278/2022

તારીખ : ૧૯/૦૭/૨૦૨૨
સ્થળ : સુરત

સહી/- આસીસ્ટન્ટ જનરલ મેનેજર અને અધિકૃત અધિકારી
ધી સુરત પીપલ્સ કો-ઓપ. બેંક લિ.

કરજદારો, જામીનદારો તથા મોર્ગેજરોને સરફેશી એક્ટ, ૨૦૦૨ હેઠળની ૧૫ દિવસીય કાયદાકીય વેચાણ નોટીસ

પ્રતિકાત્મક (Symbolic) કબ્જા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)

ધી વરાછા કો-ઓપ.બેંક લિ., સુરત

રજી.અને હેડ ઓફિસ : એફિલ ટાવર, પંચરત્ન ટાવરની સામે, એલ.એચ.રોડ, સુરત- ૩૯૫૦૦૬ ફોન નં.: ૦૨૬૧-૪૦૦૮૦૦૦

અમો અધિકૃત અધિકારી, ધી વરાછા કો-ઓપ.બેંક લિ.,સુરત આ જાહેર નોટીસ દ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારોએ તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખામાંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારો લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓના ખાતા એન.પી.એ. થતાં તેઓને, જામીનોને તેમજ મોંગેજરને 'ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ અસેટસ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને ૬૦ દિવસની મુદતમાં તેઓને લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ બોરોઅરે નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી અમોએ ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) અન્વયે તથા સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૧) સાથે વંચાણે લેતા મળેલ અધિકારની રૂએ તેમની મિલ્કતો કે જેનું વર્ણન નીચે દર્શાવેલ છે તેનો નીચેની તારીખે પ્રતિકાત્મક (Symbolic) કબ્જો લીધેલ છે. તેની કરજદારો, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. ઉપરાંત આ કરજદારો, તેમના જામીનો તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કતો સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહિ, તેમ છતાં જો કરવામાં આવશે તો તે ધી વરાછા કો-ઓપ.બેંક લિ.,ને નીચે મુજબની લેણી રકમ તથા તે ઉપર તા.૩૦/૦૬/૨૦૨૨ થી ચડત વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

ક્રમ નં.	શાખાનું નામ / ખાતા નંબર/ લોન ખાતેદારોના નામ/જામીનો ના નામ — ૧૩(૨) ની નોટીસ મુજબ બેંકની લેણી રકમ / નોટીસ તારીખ	તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ બાકી રકમ	તારણમાં આપેલ મિલ્કતોનું ટુંકમાં વર્ણન / પ્રતિકાત્મક કબ્જા તારીખ
૧	કાપોદ્રા / ૦૦૫૬૧૧૨૦૭૨૮૯૮૯ / રામદેવ પીવીસી પ્રોડકટ પ્રોપ. ચિરાગ લાભુભાઈ બગડીયા (મોંગેજર) / **જામીનો** (૧) વિશાલભાઈ લાભુભાઈ બગડીયા (૨) મહેન્દ્રકુમાર ભરતભાઈ પંડ્યા (મોંગેજર) (૩) વનિતાબેન મહેન્દ્રકુમાર પંડ્યા (મોંગેજર) (૪) જગદિશભાઈ જેરામભાઈ કલસરીયા (૫) ભાવેશભાઈ જેરામભાઈ કલસરીયા (૬) અમિતકુમાર હિમતભાઈ ધાનાણી(૭) કરશનભાઈ ધરમશીભાઈ બગડીયા (૮)છગનભાઈ ફુલાભાઈ સાંગાણી રૂા.૩૦૩૧૧૩૨૬.૫૦ (તા.૦૨/૧૨/૨૦૨૧ મુજબ) / ૧૭/૧૨/૨૦૨૧	રૂા.૩૧૧૦૫૪૧૦.૫૦	**(૧) મહેન્દ્રકુમાર ભરતભાઈ પંડ્યા /પ્રતિકાત્મક કબ્જા તારીખ ૧૬/૦૭/૨૦૨૨** જીલ્લા-સુરત તાલુકો-માંગરોલમાં મોજે ગામ-મહુવેજના રેવન્યુ સર્વે નં.૨૨૮, બ્લોક નં.૨૧૮ ધરાવતી રહેણાંકનાં હેતુ માટેની બીનખેતીની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ રાસ્તા વપરાશના હક્ક, હિત તથા અધિકારો સહિતની મહેન્દ્રભાઈ ભરતભાઈ પંડ્યાની માલિકીની મિલ્કત. જેમનું ક્ષેત્રફળ ૮૪૪૩.૦૦ ચો.મીટર છે.જેમનો વેચાણ દસ્તાવેજ નં.૪૧૮ તા.૦૧/૦૨/૨૦૧૭ થી મહેન્દ્રભાઈ ભરતભાઈ પંડ્યાના નામે છે. તે મિલકતની ચર્તુસીમાઓ આ મુજબ છે.પુર્વઃ-બ્લોકનંબર ૨૧૯, પશ્ચિમઃ-ખુલ્લી જમીન, ઉત્તરઃ-ખુલ્લી જમીન, દક્ષિણઃ-આંતરીક રોડ, **(૨) મહેન્દ્રકુમાર ભરતભાઈ પંડ્યા અને વનિતાબેન મહેન્દ્રકુમાર પંડ્યા / પ્રતિકાત્મક કબ્જા તારીખ ૧૬/૦૭/૨૦૨૨** જીલ્લા-સુરત તાલુકો-માંગરોલનાં મોજે ગામ-તરસાડીના રેવન્યુ સર્વે નં.૭૩૬ અને ૭૩૭ ધરાવતી ઔદ્યોગીક હેતુની બીનખેતીની જમીન તેમાં આવેલ બાંધકામ સહિતનાં તેને લાગતા વળગતા અંદરના તથા બહારનાં તમામ હકકો સહિતની મહેન્દ્રકુમાર ભરતભાઈ પંડ્યા અને વનિતાબેન મહેન્દ્રકુમાર પંડ્યાની માલિકીની મિલ્કત. જેમનું ક્ષેત્રફળ ૧૦૮૨૧.૦૦ ચો.મીટર છે. જેમનો વેચાણ દસ્તાવેજ નં.૨૭૦ તા.૧૧/૦૧/૨૦૧૩ થી મહેન્દ્રકુમાર ભરતભાઈ પંડ્યા અને વનિતાબેન મહેન્દ્રકુમાર પંડ્યા ના નામે છે. તે મિલકતની ચર્તુસીમાઓ આ મુજબ છે. પુર્વઃ-રોડ, પશ્ચિમઃ-રેવન્યુ સર્વે નં.૬૭૯, ઉત્તરઃ-રેવન્યુ સર્વે નં.૭૩૫ અને ૭૩૧, દક્ષિણઃ-રેવન્યુ સર્વે નં.૬૭૯,
૨	કાપોદ્રા / ૦૦૫૬૧૧૨૦૭૨૯૦૧૮/ રામદેવ પીવીસી પ્રોપ. મહેન્દ્રકુમાર ભરતભાઈ પંડ્યા (મોંગેજર) / **જામીનો** (૧) ચિરાગ લાભુભાઈ બગડીયા (મોંગેજર) (૨) વિશાલભાઈ લાભુભાઈ બગડીયા (૩) વનિતાબેન મહેન્દ્રકુમાર પંડ્યા (મોંગેજર) (૪) જગદિશભાઈ જેરામભાઈ કલસરીયા (૫) ભાવેશભાઈ જેરામભાઈ કલસરીયા (૬) અમિતકુમાર હિમતભાઈ ધાનાણી (૭)છગનભાઈ ફુલાભાઈ સાંગાણી (૮) કરશનભાઈ ધરમશીભાઈ બગડીયા રૂા.૩૨૪૯૯૪૭૫.૫૦ (તા.૩૦/૧૧/૨૦૨૧ મુજબ) / ૧૭/૧૨/૨૦૨૧	રૂા.૩૩૩૫૨૪૪૨.૫૦	**(૩) ચિરાગ લાભુભાઈ બગડીયા / પ્રતિકાત્મક કબ્જા તારીખ ૧૮/૦૭/૨૦૨૨** (૩.૧) જીલ્લા-સુરત તાલુકો-ઓલપાડનાં મોજે ગામ-ઉમરાના રેવન્યુ બ્લોક નં. ૩૫૨, ૩૬૭,અને ૩૬૯ વાળી જમીન પર રહેણાંકનાં હેતુથી " આસ્થા વિલા રો-હાઉસ વિભાગ-એ " નાં નામથી આયોજીત વસાહતમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર ૩૦**વાળી મિલકત જેનુ ક્ષેત્રફળ ૮૧.૭૨ ચો.મીટર છે.તેમજ રાસ્તા વપરાશની જમીનમાં ભાગે આવતા પ્રમાણસરનાં વણ-વહેચાયેલા હિસ્સા સહિતની મિલકત તથા અંદરનાં તથા બહારનાં તમામ હકક હિત સાથે કુલ્લે દરોબસ્ત. જેમનો વેચાણ દસ્તાવેજ નં.૬૮૦ તા.૧૭/૦૧/૨૦૧૭ થી ચિરાગ લાભુભાઈ બગડીયા ના નામે છે. તે મિલકતની ચર્તુસીમાઓ આ મુજબ છે. પુર્વઃ-રોડ, પશ્ચિમઃ-કોમન પ્લોટ, ઉત્તરઃ-કોમન પ્લોટ, દક્ષિણઃ-રોડ, પ્લોટ નં.૨૯, (૩.૨) જીલ્લા-સુરત તાલુકો-ઓલપાડનાં મોજે ગામ-ઉમરાના રેવન્યુ બ્લોક નં. ૩૫૨, ૩૬૭,અને ૩૬૯ વાળી જમીન પર રહેણાંકનાં હેતુથી " આસ્થા વિલા રો-હાઉસ વિભાગ-એ " નાં નામથી આયોજીત વસાહતમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર ૩૧**વાળી મિલકત જેનુ ક્ષેત્રફળ ૫૪.૫૫ ચો.મીટર છે.તેમજ રાસ્તા વપરાશની જમીનમાં ભાગે આવતા પ્રમાણસરનાં વણ-વહેચાયેલા હિસ્સા સહિતની મિલકત તથા અંદરનાં તથા બહારનાં તમામ હકક હિત સાથે કુલ્લે દરોબસ્ત. જેમનો વેચાણ દસ્તાવેજ નં.૧૧૯૨ તા.૦૧/૦૨/૨૦૧૭ થી ચિરાગ લાભુભાઈ બગડીયા ના નામે છે. તે મિલકતની ચર્તુસીમાઓ આ મુજબ છે. પુર્વઃ-રોડ, પશ્ચિમઃ-પ્લોટ નં.૩૨, ઉત્તરઃ-કોમન પ્લોટ, દક્ષિણઃ-રોડ,
૩	કાપોદ્રા / ૦૦૫૬૧૧૨૦૭૨૮૯૭૮ / રામદેવ પીવીસી પાઈપ પ્રોપ. વિશાલભાઈ લાભુભાઈ બગડીયા/ **જામીનો** (૧) ચિરાગ લાભુભાઈ બગડીયા (મોંગેજર) (૨) મહેન્દ્રકુમાર ભરતભાઈ પંડ્યા (મોંગેજર) (૩) વનિતાબેન મહેન્દ્રકુમાર પંડ્યા (મોંગેજર) (૪) જગદિશભાઈ જેરામભાઈ કલસરીયા (૫) ભાવેશભાઈ જેરામભાઈ કલસરીયા (૬) અમિતકુમાર હિમતભાઈ ધાનાણી(૭) કરશનભાઈ ધરમશીભાઈ બગડીયા (૮)છગનભાઈ ફુલાભાઈ સાંગાણી રૂા.૩૨૮૪૩૨૫૩.૫૦ (તા.૦૨/૧૨/૨૦૨૧ મુજબ) / ૧૭/૧૨/૨૦૨૧	રૂા.૩૩૮૦૯૩૫૫.૫૦	(૩.૩) જીલ્લા-સુરત તાલુકો-ઓલપાડનાં મોજે ગામ-ઉમરાના રેવન્યુ બ્લોક નં. ૩૫૨, ૩૬૭,અને ૩૬૯ વાળી જમીન પર રહેણાંકનાં હેતુથી " આસ્થા વિલા રો-હાઉસ વિભાગ-એ " નાં નામથી આયોજીત વસાહતમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર ૩૨** વાળી મિલકત જેનુ ક્ષેત્રફળ ૬૬.૪૩ ચો.મીટર છે.તેમજ રાસ્તા વપરાશની જમીનમાં ભાગે આવતા પ્રમાણસરનાં વણ-વહેચાયેલા હિસ્સા સહિતની મિલકત તથા અંદરનાં તથા બહારનાં તમામ હકક હિત સાથે કુલ્લે દરોબસ્ત. જેમનો વેચાણ દસ્તાવેજ નં.૧૧૯૩ તા.૦૧/૦૨/૨૦૧૭ થી ચિરાગ લાભુભાઈ બગડીયા ના નામે છે. તે મિલકતની ચર્તુસીમાઓ આ મુજબ છે. પુર્વઃ-પ્લોટ નં.૩૧, પશ્ચિમઃ-પ્લોટ નં.૩૩, ઉત્તરઃ-કોમન પ્લોટ, દક્ષિણઃ-રોડ, (૩.૪) જીલ્લા-સુરત તાલુકો-ઓલપાડનાં મોજે ગામ-ઉમરાના રેવન્યુ બ્લોક નં. ૩૫૨, ૩૬૭,અને ૩૬૯ વાળી જમીન પર રહેણાંકનાં હેતુથી " આસ્થા વિલા રો-હાઉસ વિભાગ-એ " નાં નામથી આયોજીત વસાહતમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર ૩૩**વાળી મિલકત જેનુ ક્ષેત્રફળ ૧૦૨.૨૨ ચો.મીટર છે.તેમજ રાસ્તા વપરાશની જમીનમાં ભાગે આવતા પ્રમાણસરનાં વણ-વહેચાયેલા હિસ્સા સહિતની મિલકત તથા અંદરનાં તથા બહારનાં તમામ હકક હિત સાથે કુલ્લે દરોબસ્ત. જેમનો વેચાણ દસ્તાવેજ નં.૬૭૮ તા.૧૭/૦૧/૨૦૧૭ થી ચિરાગ લાભુભાઈ બગડીયા ના નામે છે. તે મિલકતની ચર્તુસીમાઓ આ મુજબ છે. પુર્વઃ-પ્લોટ નં.૩૨, પશ્ચિમઃ-કોમન પ્લોટ, ઉત્તરઃ-કોમન પ્લોટ, દક્ષિણઃ-રોડ,

તારીખ : ૨૨/૦૭/૨૦૨૨ સ્થળ : સુરત. | અધિકૃત અધિકારી, ધી વરાછા કો-ઓપ.બેંક લિ., રીકવરી વિભાગ, હેડ ઓફિસઃ સુરત

Printed by Manojbhai Laljibhai Mistry at GUARDIANPRESS B-17/2, Hojiwala Industrial Estate, Sachin-Palsana Road, Near Sachin, Surat on behalf of owners Manojbhai Laljibhai Mistry & Published by Manojbhai Laljibhai Mistry at Guardian House, Suman Desai ni Wadi, Udhna Darwaja, Ring Road, Surat-395002 on behalf of Owners Manojbhai Laljibhai Mistry Editor: Manojbhai Laljibhai Mistry .